# નિવૃત્તિ પછી એક્સટેન્શનનો રોગ દિલ્હી સરકારને પણ લાગુ પડ્યો

## ગૂમસુદા-એમપી માટે જાહેરમાં પોસ્ટર લગાવવા એ બેસ્ટ આઈડિયા બન્યો

ગુજરાતના બે સિનિયર આઈએએસ અધિકારીઓ રાજેશ કિશોર અને એચ.કે.દાસ અપ્રિલ મહિનાના અંતમાં વયનિવૃત્ત થઈ રહ્યાં છે. ૧૯૮૦ બેચના આ બન્ને અધિકારીઓ હાલ ડેપ્યુટેશન ઉપર નવી દિલ્હીમાં કીપોસ્ટ ફરજ સુધી તેઓ ફરજમાં રહી શકે છે, જો કે ચીફ સેક્રેટરીના મજબૂત દાવેદાર અને ૧૯૭૮ બેચના ઓફિસર એસ.કે. નંદા હજી પણ પ્રાઈમ પોસ્ટ માટે હક્કદાર છે...

**ભાજપની સરકારમાં મોડીરાત્રે જ ઓર્ડર? ...**

## ગુજરાતમાં હંમેશા મોડી રાત્રે જ ટ્રાન્સફરનું લિસ્ટ જાહેર કેમ થાય છે ?

બજાવી રહ્યાં છે. સંભવ છે કે આ બન્નેને ત્રણ






મહિના કે છ મહિના સુધીનું એક્સટેન્શન મળે, કારણ કે ગુજરાતમાં જે પ્રથા પ્રસ્થાપિત થઈ ચૂકી છે તે હવે નવી દિલ્હીમાં પણ અનુસરવામાં આવી છે. ગુજરાતમાં હાલની સ્થિતિએ એક ડઝન કરતાં વધુ ઓફિસરોને અન્ય વિભાગોના વધારાના

ગુજરાતમાં સનદી ઓફિસરો હોય કે આઈપીએસ ઓફિસરો, તેમની ટ્રાન્સફરના ઓર્ડર હંમેશા મોડી રાત્રે જ કેમ ઈસ્યુ કરવામાં આવે છે? એવો એક પ્રૅ સિનિયર ઓફિસરને




કર્યો તો તેમણે કહ્યું કે રાજયમાં જયારથી ભાજપની સરકાર આવી છે ત્યારથી ટ્રાન્સફરના ઓર્ડર મોડી રાત્રે જ કરવામાં આવે છે. આ સિલસિલો ૧૯૯૫ પછી શરૂ થયો છે. રાજયમાં પ્રથમ ભાજપની સરકાર કેશુભાઈ પટેલના નેતૃત્વમાં બની હતી અને પ્રથમ મહિનામાં જ થોકબંધ બદલીઓ થઈ તે મોડી રાત્રે થઈ હતી. ત્યારબાદ નરેન્દ્ર મોદીના બાર વર્ષના શાસનમાં મોટાભાગની

## તબીબો અને સ્ટાફના અભાવે સરકારી આરોગ્યની સેવાઓ ખુદ બિમાર

હવાલા આપવામાં આવ્યા છે. રાજયના અન્ય એક મહિલા સનદી અધિકારી ગૌરીકુમાર ઓગષ્ટ મહિનામાં વયનિવૃત્ત થઈ રહ્યાં છે તેઓ ૨૦૧૨થી દિલ્હીમાં ડેપ્યુટેશન ઉપર ગયેલા છે. બીજી તરફ ગુજરાતના ચીફ સેક્રેટરી ડી.જે.પાંડિયન આગામી મે મહિનામાં વય નિવૃત્ત થાય છે. તેમને ત્રણત્રણ મહિના એમ બે વખત એક્સટેન્શન આપવામાં આવે તેવી શક્યતા છે. પાંડિયનને જો છ મહિનાનું એક્સટેન્શન આપવામાં આવે તો નવેમ્બર૨૦૧૫

બદલીઓ મોડી રાત્રે જ થઈ છે અને હવે આનંદીબેન પટેલની સરકારે પણ તે પરંપરા જાળવી રાખી છે. મોદીએ એક સમયે બદલીઓનું લિસ્ટ જાહેર કરવાની જગ્યાએ પર્સનલ ઓર્ડર સીધા જ ઓફિસરના મેઈલ ઉપર મૂક્યા હતા, ત્યારબાદ મિડીયામાં હોબાળો થતાં લિસ્ટ જાહેર કરવામાં આવ્યું હતું. આ ઓફિસરે સ્પષ્ટતા કરતાં કહ્યું હતું કે મોડીરાત્રીના ઓર્ડર ઘણી વખત બદલાઈ ચૂક્યા હોય છે...

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં સમર વેકેશન કેમ્પ્સનો પ્રારંભ

## ત્રણ દિવસથી લઈને બે મહિના સુધી ચાલનારા સમર કેમ્પ્સમાં બાળકોને પરફોર્મિંગ આર્ટસથી માંડીને વિવિધ રમતોની પધ્ધતિસરની તાલીમ આપવામાં આવશે





ગાંધીનગર, તા.૧૯

વેકેશન પડતાં જ જાણે વિવિધ સમર કેમ્પ્સની મોસમ ખીલી હોય તેમ શહેરમાં વિવિધ સંસ્થાઓ અને શાળાઓ દ્વારા સમર કેમ્પ્સના આયોજન થઈ રહ્યા છે. ડાન્સ, પેઈન્ટીંગ, નાટક, રમતગમત જેવા અનેક વિષયો પર પાટનગરના વિવિધ સ્થળોએ મોટા પાયે સમર કેમ્પ્સ યોજાઈ રહ્યા છે.

ભણતરના ભાર હેઠળથી મુકત થયેલા બાળકો હવે રજાઓની મોજ માણી રહ્યા છે. રજાઓ દરમિયાન બાળકોને રચનાત્મક એકટીવીટી માટે આ સમર કેમ્પ્સ એક અલાયદુ પ્લેટફોર્મ આપી રહ્યા છે. કેટલાક સ્થળોએ સમર કેમ્પ્સ ચાલી રહ્યા છે તો હજુ આગામી દિવસોમાં કેટલાક મોટા સમર કેમ્પ્સનું આયોજન કરાશે.

વર્ષોથી બાળકોમાં ખુબ લોકપ્રિય એવી આત્મન બાળ અભિવ્યકિત શિબિર હાલમાં સર્કીટ હાઉસ પાછળના વનૌષધિ ઉદ્યાનમાં યોજાઈ રહી છે. નૈસર્ગિક વાતાવરણમાં વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરવાનો મોકો આપતી આ શિબિરનો આવતી કાલે સોમવારે છેલ્લો દિવસ છે. સેન્ટ ઝેવિયર્સ સ્કુલનો સ્પોર્ટસ કેમ્પ ટુંક સમયમાં જ શરૂ થશે જેમાં બાળકોને વિવિધ રમતોની પધ્ધતિસર તાલીમ આપવામાં આવશે. આ કેમ્પમાં ઘણા બાળકો જોડાઈ રહ્યા છે. બ્લ્યુ બબલ્સ

● અનુસંધાન પાન-૭ પર

## કડી સંકુલમાં સમર કેમ્પ યોજાશે

### કેમ્પમાં રોપ-વે, ટ્રેકીંગ, રાયફલ શુટીંગ, આર્ચરી, ડાન્સ અને રોબોટિક્સ જેવી પ્રવૃત્તિઓ શીખવાડાશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરની શાળાઓમાં ઉનાળુ વેકેશનનો પ્રારંભ થઈ ચૂકયો છે. સેકટર-૨૩માં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા વેકેશનના સમયમાં બાળકો સર્જનાત્મક પ્રવૃત્તિ કરતા થાય તે હેતુથી સમર કેમ્પ ૨૦૧૫નું આયોજન કરવામાં આવ્યું છે. આ સમર કેમ્પ તા. ૫મી મે થી ૯મી મે દરમિયાન કડી સંકુલમાં ક્રિએટીવ ઝોન ખાતે યોજાશે. આ કેમ્પમાં જોડાવા માટે ફોર્મ મેળવી પરત કરવાની તારીખ ૨૧મી એપ્રિલથી તા. ૨૭મી એપ્રિલ રાખવામાં આવી છે.

કડી સર્વ વિદ્યાલય સંકુલ ગુજરાતની સુપ્રસિધ્ધ શિક્ષણ સંસ્થા છે. વિશાળ કેમ્પસમાં હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓના ભાવિનું ઘડતર અહીં થાયછે. ઉનાળુ વેકેશન દરમિયાન બાળકોને શૈક્ષણિક અભ્યાસનો બોજો ના હોય તો સમયનો સર્જનાત્મક સદઉપયોગ કરી શકે તે માટે કેમ્પસમાં ક્રિએટીવ ઝોન ખાતે સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમર કેમ્પમાં પાંચ દિવસ દરમિયાન બાળકોને રોપ-વે, ટ્રેકીંગ, રાયફલ શુટીંગ, આર્ચરી, ડાન્સ,

● અનુસંધાન પાન-૭ પર

# સતત બીજા દિવસે શહેરમાં કાળઝાળ ગરમી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં આજે સતત બીજા દિવસે કાળઝાળ ગરમી નોંધાઈ હતી. આજે પણ મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રીને સ્પર્શતા જનજીવન પર તેની ઘેરી અસર જોવા મળી હતી. શહેરના માર્ગો એકદમ સુમસામ બની ગયા હતા.

આકરી ગરમી અને રવિવારની રજાની અસર આજે જનજીવન પર સ્પષ્ટ પણે જોવા મળી હતી. શહેરના મુખ્ય માર્ગો બપોરે એકદમ સુમસામ બની ગયા હતા. જ્યારે સેક્ટરોના આંતરિક વિસ્તારોમાં પણ અવરજવર નહિવત જોવા મળી હતી. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૨.૫ ડિ.સે. નોંધાયું હતું, જ્યારે તેમાં સહેજ ઘટાડો થતા તાપમાન ૪૨ ડિગ્રીએ અટક્યુ હતુ. જો કે તેનાથી કાળઝાળ ગરમીમાં કોઈ ફેર પડ્યો ન હતો. આખો દિવસ આકાશમાંથી જાણે અગનગોળા વરસતા હોય તેમ ભારે ગરમી અને તડકાનો અનુભવ થયો હતો. આજે રવિવાર હોવા છતાં વસાહતીઓ ઘરની બહાર નિકળ્યા ન હતા. કાળઝાળ ગરમીમાં તેઓ ઘરમાં જ પુરાઈ રહ્યા હતા જેના કારણે શહેરના માર્ગો એકદમ સુમસામ લાગતા હતા. વાહનોની અવરજવર એકદમ ઓછી થઈ ગઈ હતી. ફેરીયાઓએ પણ આખી બપોર આરામ ફરમાવ્યો હતો. આગામી દિવસોમાં વધુ આકરી ગરમી પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. લઘુત્તમ તાપમાન ૨૪.૦ ડિ.સે. નોંધાયુ હતુ જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૪૨ ટકા અને સાંજે ૨૦ ટકા જેટલું રહ્યું હતું.

# આકરી ગરમીથી જિલ્લામાં ૧૯૬ નાગરિકો પ્રભાવિત

## ૪૯ બેભાન થયા, ૯ ડીહાઇડ્રેશનનો શિકાર બન્યા ૨૩ અસહય ગરમીથી ઢળી પડયા

### આકરી ગરમીથી બચવા સૂચનો

- સખત ગરમીમાં બને ત્યાં સુધી તડકામાં બહાર નીકળવાનું ટાળો.
- ગરમીમાં બહાર નીકળો તો સુતરાઉ લાંબા આખી બાંયના કપડા પહેરવા.
- મોઢાથી પ્રવાહી પુરતા પ્રમાણમાં લેવું જોઈએ જેમાં સાદુ પાણી, લીંબુ, ઓઆરએસ અને છાસ, જયુસ વગેરેનો ઉપયોગ કરી શકાય.
- નાના બાળકો અને મોટી ઉંમરની વ્યકિતઓએ ગરમીમાં બહાર ન જવું.
- ગરમીની સહેજ પણ અસર દેખાય તો તરત જ નજીકનાં દવાખાનામાં ડોકટરનો સંપર્ક કરવો.
- લુગ લાગવાના ચિન્હો જણાય તો તરત જ ૧૦૮ને મદદ માટે કોલ કરવો જોઈએ.
- જે વ્યકિતને લુ લાગી હોય એને ઠંડા વાતાવરણમાં રાખવો હીતાવહ છે.
- લુ લાગેલા વ્યકિતને પ્રાથમિક ઉપચાર માટે ઠંડા પાણીનાં પોતા મુકી શકાય છે.
- આઈસ પેક જો હોય તો ઝાંગ અને બગલનાં ભાગમાં મુકવાથી શરીરનું ઉષ્ણતામાન તરત જ નીચું લાવી શકાય છે.
- લેબર વર્કરો જો તડકામાં કામ કરતા હોય તો દર ૨ કલાકે છાયડામાં ૧૫ થી ૨૦ મિનિટ આરામ લેવો જોઈએ.
- ગરમીની ઋતુમાં બજારુ, ઉઘાડો અને વાસી ખોરાક ખાવાનું ટાળવું જેથી ઝાડા ઉલ્ટી જેવી બિમારીથી બચી શકાય.

ગાંધીનગર,તા ૧૯

સમગ્ર રાજયમાં અંગ દઝાડતી ગરમીએ આમ નાગરીકોને ત્રાહીમામ કરી દીધા છે. નાટયાત્મક હવામાન પલ્ટા બાદ ગરમીએ ઉગ્ર સ્વરુપ ધારણ કરતા જનજીવન બેબાકળુ બની ગયું છે. ગાંધીનગર જિલ્લામાં આગ ઓકતી ગરમીના લીધે છેલ્લા ૧૭ દિવસમાં ૧૯૬ નાગરીકો વિશેષરુપે પ્રભાવિત થયા છે. જેમાં ૪૯ વ્યકતિ ગરમીથી બેભાન થયા હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે ૯ ડીહાઈડ્રેશનનો ભાગ બન્યા છે.

ગત સપ્તાહ દરમિયાન કમૌસમી વરસાદના લીધે વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. જેના પરિણામે ગરમી અદ્રશય થઈ ગઈ હતી. પરંતુ ગરમીના પારાની ચઢઉતર વચ્ચે ઉનાળાએ આક્રમક સ્વરુપ ધારણ કર્યુ છે. અંગ દઝાડતી ગરમીએ સૌને બેબાકળા કરી દીધા છે. ગરમીની અસરથી સામાન્ય જનના આરોગ્ય સામે પણ ખતરો મંડરાયો છે.

આક્રમક ગરમીના લીધે નાગરિકોની તબિયત લથડી રહી છે. દિવસના ફૂંકાતી ગરમ લૂંના લીધે લાકો ડીહાઈડ્રેશન, છાંતીમાં દુખાવો બેભાન થઈ જવુ જેવી શારિરીક તકલીફો અનુભવી રહયા છે. ૧૦૮ ઈમરજન્સી સેવા દ્વારા માહીતી આપતા જણાવ્યુ છે કે જિલ્લામાં આકરી ગરમીના લીધે ૧૯ને બીપી, હાયપરટેન્શન, ની તકલીફ થઈ છે. આ ઉપરાંત ૨૭ વ્યકિતઓ છાતીના દુખાવાના ભોગ બન્યા છે. એક વ્યકિતને કાન નાક ગળામાંથી લોહી નીકળવાની તકલીફ થઈ છે. ૪૯ વ્યકિતઓ આકરી ગરમીના લીધે બેભાન થઈ ગયા હતાં. જયારે ૯ ને ડીહાઈડ્રેશનની તકલીફ થઈ છે. આ ઉપરાંત ગરમીની અસરથી ૧૫ને ઉલ્ટીની પણ તકલીફ થતા તબિયત લથડી હતી. દિનપ્રતિદિન ગરમીનો પારો ઉંચો ચઢતો જાય છે. ત્યારે આકરી ગરમીમાં ખુલ્લામા ફરતા શ્રમજીવીઓની હાલત પણ કફોડી બનતી જાય છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

સજાવટનો વિરહ - ગાંધીનગરમાં સર્કલોનો મહિમા મોટો છે... અલગ-અલગ થીમ પર સર્કલો વિકસાવાય છે... વાયબ્રન્ટ ગાંધીનગર અને પ્લાસ્ટ ઈન્ડિયા જેવા મહત્વના પ્રસંગો પર સર્કલની સજાવટનું કામ જોરશોરથી કરાયું હતું... પરંતુ કોણ જાણે કેમ ગ-૧ ‘સંગીત સર્કલ’નું પ્રારબ્ધ ઓછું પડતા તેની સજાવટ અટવાઈ ગઈ છે... ત્રણ-ત્રણ મહિનાથી ખોદેલા સર્કલનો હજુ તો કાંઈ કરતા કાંઈ કામ આગળ ચાલતુ જ નથી... સંગીતમાં તો સાતત્યની અનિવાર્યતા છે... પરંતુ અમારું લાડકવાયું સંગીત સર્કલ વિસ્માર હાલતમાં ચિંતા ઉપજાવે છે...

# એક વર્ષ પૂર્વે લેવાયેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામો જાહેર કરવા માંગ

## લાખો બેરોજગાર યુવાનો એક વર્ષથી પરિણામની રાહ જોઈ રહ્યા છે : દર મહિને પરીક્ષાની જાહેરાત આવે છે, પરંતુ જૂની પરીક્ષાના પરિણામ નથી આવતા

ગાંધીનગર, તા. ૧૯

રાજ્ય સરકાર દ્વારા છેલ્લા એક વર્ષના ગાળામાં વિવિધ વિભાગોમાં ખાલી પડેલી જગ્યાઓ ભરવા માટે જી.પી.એસ.સી., બિન સચિવાલય, તલાટી, જેવી મોટાભાગની સ્પર્ધાત્મક પરીક્ષાઓ લેવામાં આવી છે. જેમાં રાજ્યના લાખો બેરોજગારો આ પરીક્ષામાં જંપલાવી લેખિત પરીક્ષા આપી હતી પરંતુ ૧ વર્ષનો સમયગાળો પસાર થઈ ગયો છતાં પણ સરકાર આ પરીક્ષાના પરીણામ જાહેર કરવામાં તદન નિષ્ફળ નિવડી છે. અને સરકારની આ બેદરકારી અથવા આળસને લીધે ઉમેદવારોમાં ઉગ્ર રોષની લાગણી જોવા મળી છે. અને તાત્કાલિક ધોરણે પરીક્ષાના પરિણામો જાહેર કરવા માંગ ઉઠવા પામી છે.

ગુજરાત રાજ્યમાં છેલ્લા ૫-૬ વર્ષ દરમિયાન રાજ્યની જુદી જુદી કચેરીઓમાં કામ કરતા કર્મચારીઓ મોટી સંખ્યામાં વય મર્યાદાના કારણે નિવૃત્ત થઈ રહ્યા છે અને વિભાગોમાં મોટી મહેકમની ઘટ પણ જોવા મળી રહી છે. જેથી અસંખ્ય સરકારી પદો ચાર્જથી ચાલે છે અને કામમાં પણ અધિકારીઓને બરડન થઈ રહ્યું છે.

આ જુદા જુદા વિભાગના મહેકમની ઘટ ભરવા રાજ્ય સરકાર દ્વારા જી.પી.એસ.સી.ની વર્ગ-૧ અને ૨ ની જગ્યાઓ માટે ગત-૧૨ ઓક્ટોબર-૨૦૧૪માં રાજ્યભરમાં સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે ૧૬ ફેબ્રુઆરી-૨૦૧૪ના રોજ મહેસુલી તલાટીની ૧૫૦૦ થી વધારે જગ્યાઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવી હતી. ઉપરાંત ટુંક સમય અગાઉ બિન સચિવાલય ક્લાર્કની પરીક્ષા પણ લેવામાં આવી હતી. સાથોસાથ ઓફિસ આસીસ્ટન્ટની પણ સ્પર્ધાત્મક પરીક્ષા યોજાઈ હતી. જેમાં રાજ્યના લાખો બેરાજગાર ઉમેદવારોએ લાખો રૂપિયા ખર્ચી ક્લાસીસ કરી નોકરી ધંધા મુકી સરકારી નોકરી મેળવવા રાત દિવસની તનતોડ મહેનત કરી પરીક્ષા આપી હતી. પરંતુ સરકારી તંત્રની બેદરકારી કહો કે આળશ કે પછી સગાવાદ કે ભ્રષ્ટાચારને લીધે પરીક્ષાના પરિણામ જાહેર કરવામાં આવતા જ નથી. નવાઈની વાત તો એ છે કે ઓફિસ આસીસ્ટન્ટની પરીક્ષા ૪ જાન્યુ.-૨૦૧૫માં યોજાઈ અને ગૌણ સેવા આયોગે-૧૦ ફેબ્રુ.૨૦૧૫ના રોજ એટલે કે ૩૭ દિવસમાં જ પરિણામ જાહેર કરી દીધુ હતુ. તો ૧-૧ વર્ષ જુના પરિણામો જાહેર કરવામાં સરકારને શું રસ જ નથી? સરકાર આળસ ખંખેરી આ બેરોજગાર યુવાનની ચિંતા કરી સત્વરે પેન્ડીંગ પરિણામો જાહેર કરે તેવી ઉમેદવાર આલમમાંથી ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

મંડપ
કેટરીગ
લાઈટીગ
ફલાવરીગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com